# સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

નાણાં ફસાઈ જવાના યોગ બને. લખાણ કે દસ્તાવેજ સંબંધી કાર્યોમાં સંભાળવું. હૃદયરોગ-બ્લડપ્રેશર કે પેટ સંબંધી નાની-મોટી તકલીફો રહે. ખાનપાનની કાળજી રાખવી.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે આવશે. ધાર્મિક કાર્યોમાં અવરોધો આવે. ભાગ્યવૃદ્ધિની અનેક તકો નિષ્ફળ જતી જણાય. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. આંતરિક-શારીરિક તેમજ આર્થિક અનેક નાની-મોટી તકલીફો રહે. તમને પુરુષાર્થનું હકારાત્મક ફળ ન મળતું જણાય. કુટુંબના સભ્યો તમને વધુ પડતા ખર્ચાળ કહેશે. માદક પદાર્થોના આદતી ન બનાય તેની કાળજી રાખવી, ઉતાવળીયું કોઈ પગલું ભરવું યોગ્ય ન ગણાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોથી સંભાળવું. સ્થાન પરિવર્તનના યોગ બને. ભાગીદારીના વ્યવસાયિકોએ નાણાંની લેવડ દેવડમાં સંભાળવું. ધંધા વ્યવસાયિક મુસાફરીમાં સંભાળવું.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા ત્રીજા પરાક્રમસ્થાને આવશે. ભાઈભાંડુ સાથે મતભેદો કે મનદુ:ખના પ્રસંગો બને. શેર સટ્ટાકીય કાર્યોમાં છેતરપીંડીના ભોગ બનાય. પુરુષાર્થનું ફળ યોગ્ય મળતું ન જણાય. આર્થિક-માનસિક નુકસાનના યોગ બને. કુટુંબીજનો તરફ વધુ પડતાં લાગણીથી દોરવાઈ ન જવાય તેની કાળજી રાખવી ધાર્મિક કાર્યોમાં ધન વ્યય વધુ થાય સાહસિક કાર્યોમાં કઈ ઉતાવળીયો નિર્ણય લેવાથી દૂર રહેવું.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. આંતરિક-કૌટુંબિક તકલીફો વધુ રહે. ભૌતિક સુખ સંપત્તિ બાબતે રૂકાવટ આવે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગથી અણબનાવ રહે. ખોટા સાહસોથી સંભાળવું. આર્થિક પ્રગતિમાં અવરોધો આવે. ગેરકાનૂની કાર્યોથી સંભાળવું. આવકના પ્રમાણમાં ખર્ચ વધુ રહે. કુટુંબના સભ્યો સાથે વિવેક અને મર્યાદા જાળવવી જરૂરી બને. સંતાનની પ્રગતિ થાય. શારીરિક તકલીફો રહે. હાર્ટ તેમજ પેટ સંબંધી તકલીફો રહે. વ્યવસાયિક કાર્યો કરતી સ્ત્રીઓને ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી સહનશકિત કેળવવાની જરૂર જણાય. તમારી મનોવૃત્તિ બદલાતી જણાય. દસ્તાવેજ સંબંધી કે કોઈની જામીનગીરીથી સંભાળવું. અંગત સંબંધો સૂલઝાવવાના નિરર્થક પ્રયાસો કરશો. તમારી સહનશકિત ઓછી થતી જણાય.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. વધુ મહેનત-પરિશ્રમના યોગ બને. બિનજરુરી થાકના લીધે તમે આળશુ બનતા જાવ. પારિવારિક આર્થિક જવાબદારી તમારી ઉપર આવતા અભ્યાસ પરત્વે ઘ્યાન ઓછું થતું જણાય. ડિગ્રી પ્રાપ્તિવાળાને વધુ મહેનતની જરૂર જણાય. શારીરિક નાની-મોટી તકલીફો રહે. ખાનપાનની કાળજી રાખવી જરૂરી બને. ઉતાવળીયો નિર્ણય અનેક તકલીફો લાવે.

## વૃશ્ચિક : (ન.ય.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારી રાશિમાં રહેતા તા. ૨૯-૩-૧૯થી તમારા બીજા ધનભાવે આવશે તા. ૨૨-૪-૧૯થી વક્રી ગુરૂ પાછો તમારી રાશિમાં આવશે. શનિ આખું વર્ષ તમારા બીજા ધનભાવે રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો રૂપાના પાયે ચાલશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા નવમા ભાગ્યભાવે અને કેતુ ત્રીજા પરાક્રમ સ્થાને રહેતા તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા આઠમા સ્થાને અને કેતુ તમારા બીજા ધનસ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારી રાશિમાં રહે છે. આધ્યાત્મિક કાર્યો સારા થાય. તમારામાં સાહસ અને હિંમત વધે. નવીન ભાગીદારી થાય. તમારી આર્થિક-સામાજિક જવાબદારીમાં વધારો થાય. વિવેક જાળવશો તો દગાબાજી જેવા વ્યવસાય સામે ટકી શકશો. તમારા અહંકારને ઠેસ પહોંચે. સાહસિક કાર્યો દ્વારા ભાગ્યોદયમાં વધારો થાય. જરૂરિયાતોને પૂર્ણ કરવા તમારે અથાગ પરિશ્રમ કરવો પડે ખુમારી જાળવવામાં તમે સફળ થતા જાવ. ઉતાવળીયો નિર્ણય તમને નુકસાન કે નિષ્ફળતા તરફ દોરી જશે. ભૌતિક સુખ બાબતે અનેક તકલીફો ભોગવવી પડે. શારીરિક તકલીફો રહે.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા બીજા ધનસ્થાને આવશે. અહીં તે સ્વગૃહી થાય છે. કૌટુંબિક ધનસંપત્તિના યોગ સારા બને. આવક સંબંધી ઈચ્છા પૂર્ણ થવા છતાં અનેક તકલીફોનો સામનો કરવો પડે. તમે હારની બાજીને જીતમાં પલટાવવાની કોશિષ કરશો. તા. ૨૨-૪-૧૯ સુધી શનિ-કેતુ સાથે રહેતાં અનેક નાની-મોટી તકલીફોનો સામનો કરવો પડે. કૌટુંબિક મતભેદો કે મનદુ:ખના પ્રસંગો બને વાસ્તવિક જીવન પ્રત્યેનો તમારો મોહ વધતો જણાય. તમારા અહંકારના કારણે સંબધો બગડે. અંગત બચત અંગેના કાર્યોના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. વડિલો પાર્જીત સ્થાવર બાબતે મનદુ:ખ થાય. વિવેક મર્યાદાનું ઘ્યાન રાખીને કોઈ પણ નિર્ણય લેવો જરુરી બને. યાત્રા મુસાફરી કષ્ટદાયી નિવડે. કાનૂની કાર્યોમાં સંભાળવું. તમારી પારિવારિક જવાબદારી વધતી જણાય.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારી રાશિમાં આવશે. અહીં તે અનેક ઉપાધિઓ લાવે. આંતરિક-શારીરિક તકલીફો રહે. નવીન વ્યવસાયિક કાર્યોમાં સંભાળવું. કૌટુંબિક મનદુ:ખના પ્રસંગો બને. સંતાનની પ્રગતિ થાય. તમે તમારા પુરુષાર્થની હકારાત્મક વૃત્તિનો અનુભવ કરશો. વડિલવર્ગ સાથે વૈચારિક મતભેદો રહે. સામાજીક જવાબદારી નિભાવવી કઠિન પડે. ધાર્મિક યાત્રા મુસાફરી તેમજ ધાર્મિક કાર્યો સારા થાય. આર્થિક નુકસાનના યોગ બને. તમારી માનસિક સ્થિતિ અને બુદ્ધિ તમને જુદી જુદી પ્રેરણા આપશે. આકસ્મિક લાભની યોગ્ય તકો ન મેળવી શકો.

શનિ આખું વર્ષ તમારા બીજા ધનસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો રૂપાના પાયે ચાલશે. આંતરિક-કૌટુંબિક તેમજ આર્થિક અનેક તકલીફોનો સામનો કરવો પડે. સામાજિક જવાબદારી વધે. કૌટુંબિક-સામાજિક બેદરકારી તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે. મનદુ:ખના અનેક પ્રસંગો બને. જરુરી આવશ્યક નિર્ણય યોગ્ય રીત લેશો તો તમારો અહંકાર જળવાઈ રહેશે જન્મના ગ્રહોનો સાથ હશે તો તમારા પુરુષાર્થની હકારાત્મક વૃત્તિનો અનુભવ કરશો. વડિલવર્ગની બિમારી પાછળ ખર્ચ વધુ થાય. કૌટુંબિક ધનવ્યયના યોગ વધુ બને. આર્થિક વ્યવહાર કાળજીપૂર્વક કરવો. અંગત વ્યકિત દ્વારા નાણાંકીય અંકુશ રાખી શકશો. માનસિક તણાવ વધુ રહે. સ્થાવર બાબતે વિશ્વાસઘાતના યોગ બને.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા નવમા ભાગ્યભાવે રહે છે. ભાગ્યવદ્ધિની અનેક તકો આવવા છતાં નિષ્ફળ જતી જણાય. ધાર્મિક યાત્રા મુસાફરી તકલીફકર્તા નિવડે. તમે ધર્મથી વિમુખ થતાં જાવ. ધાર્મિક આડંબરોમાં વધારો થાય. કૌટુંબિક દૃષ્ટિએ તમે ખર્ચાળ બનશો. તમારા પુરુષાર્થનું હકારાત્મક ફળ ન મેળવી શકો. ખોટી આદતોથી સંભાળવું. વ્યવસાયિક ઈચ્છિત લાભ ન મળે. કુટુંબના સભ્યો તેમજ વડિલવર્ગ સાથે આર્થિક બાબતે ખોટા વાદવિવાદથી સંભાળવું.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા ત્રીજા પરાક્રમસ્થાને રહે છે. જે ભાઈભાંડુ સાથે મતભેદો કે મનદુ:ખના પ્રસંગો બને. મહેનત પરિશ્રમ વધુ છતાં સફળતા નહીંવત મળે. શેર સટ્ટાકીય કાર્યોમાં છેતરપીંડી થવાના યોગ બને. પુરુષાર્થનુ યોગ્ય ફળ ન મેળવી શકો. તમારી જવાબદારીનો બોજો વધતો જણાય. ભૌતિક સમૃદ્ધિ ઓછી થતી જણાય. આરોગ્ય અંગેની તકલીફો રહે.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા આઠમા સ્થાને આવશે. આંતરિક-શારીરિક નાની-મોટી અનેક તકલીફો આવે. ખાનપાનની અનિયમિતતાના કારણે આરોગ્ય બગડે. નિર્ભયતાની આશા નકામી નિવડતી જણાય. આરોગ્ય બાબતે ભય ઉદભવે. ધંધા-વ્યવસાયિક નુકસાનના યોગ બને. વ્યવસાયિક ભાગીદારીમાં મુશ્કેલી ઉભી થાય. તમે અહીં સ્વાર્થ નિ:સ્વાર્થના આટાપાટામાં અટવાશો. નુકસાન અંગેના અનેક યોગો નિર્માણ થાય. પડવા વાગવા અકસ્માત કે ગુપ્તદર્દ સંબંધી તકલીફોથી સંભાળવું. લાંબી બિમારીના યોગ બને.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા બીજા ધનભાવે આવશે. આંતરિક કૌટુંબિક અશાંતિ વધુ રહે. કૌટુંબિક ધનસંપત્તિમાં વધારો થવા છતાં ધનવ્યયના યોગ વધુ બને. વડિલવર્ગની તબિતની કાળજી રાખવી. જરૂરિયાત વગરના ખર્ચાઓ વધે. તમે કુટુંબના સભ્યો પ્રત્યે વધુ પડતાં ભાવુક બનશો. ધંધા વ્યવસાયિક મુસાફરી તકલીફકર્તા નિવડે. ગેરકાનૂની કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી.


સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-કૌટુંબિક નાની-મોટી તકલીફો રહે. વડિલવર્ગની તબિયત સંભાળવી. આર્થિક છેતરામણી થવાના યોગ બને. નોકરી કરતી સ્ત્રીઓને મનદુ:ખના પ્રસંગો બને. સાંસારિક અનેક ઉપાધિઓનો સામનો કરવો પડે. પરિવારના સભ્યો સાથે વૈચારિક મતભેદો રહે. સંબંધો ટકાવી રાખવા જરુરી બને. શારીરિક તકલીફો કે શસ્ત્રક્રિયાના યોગ બને. નેત્ર સંબંધી કે મસ્તક સંબંધી તકલીફોથી સંભાળવું. જવાબદારીની મર્યાદા ઓળંગાઈ ન જવાય તેની કાળજી રાખવી.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. ડિગ્રી પ્રાપ્તિવાળાને વધુ મહેનતની જરૂર જણાય. સમયનો સદુપયોગ જરુરી બને. મહેનત પરિશ્રમનું યોગ્ય ફળ મેળવી શકશો. શારીરિક તકલીફો તમારા અભ્યાસમાં તકલીફો ઉભી કરે. તમારું બુદ્ધિપૂર્વક કરેલું આયોજન નિષ્ફળ નિવડતું જણાય. પડવા વગવા કે અકસ્માતથી સંભાળવું. માનસિક ટેન્શનના કારણે તમે અભ્યાસ પરત્વે યોગ્ય ઘ્યાન ન આપી શકો લાગણી અને મોહથી દૂર રહેશો તો અભ્યાસમાં આગળ વધી શકશો.

## ધન : (ભ.ધ.ફ.ઢ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યયસ્થાને રહેતાં તા. ૨૯-૩-૨૦૧૯થી તમારી રાશિમાં આવશે. તા. ૨૨-૪-૧૯થી વક્રી ગુરૂ તમારા વ્યયસ્થાને આવશે. શનિ આખું વર્ષ તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે છાતી પરથી પસાર થાય. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા આઠમા સ્થાને અને કેતુ ધનભાવે રહેતાં તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા સાતમા સ્થાને અને કેતુ તમારી રાશિમાં રહે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. જે ધનવ્યયના અનેક યોગો બનાવે. વડિલ વ્યકિતને શારીરિક અનેક તકલીફો રહે. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. ધંધા વ્યવસાયિક ઉઘરાણી ફસાઈ જતી જણાય. સ્થાવર અંગેના કાર્યો પાર પડતાં જણાય. ધાર્મિક કાર્યો પાછળ ધનવ્યય વધુ થાય. પુરુષાર્થનું ફળ નહીંવત મળતું જણાય. અગાઉનું ઋણ તમે ન ચૂકવી શકો. તમારું જીવન ધ્યેય તમને નિરાશા તરફ દોરી જશે. ભાઈ-ભાંડુ તરફથી મનદુ:ખના પ્રસંગો બને. અહીં તમે વ્યયના સંદર્ભમાં ઘણું ગુમાવશો. બેકાર વર્ગને નોકરી મળવા છતાં આર્થિક પ્રાપ્તિ ઓછી જણાય. શારીરિક તકલીફો પાછળ ધનવ્યય વધુ થાય.













